॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૭ તારીખે સળંગ અંક ૪૮૮, સપ્ટેમ્બર–૨૦૨૬, રૂા. ૫.૦૦/–









ભુજ મંદિરમાં પવિત્ર શ્રાવણ માસમાં ઉજવાતા હીંડોળા મહોત્સવમાં વિશેષ હીંડોળાનું ઉદ્ઘાટન કરતા પૂજ્ય મહંત સ્વામી, સંતો તથા દબાસિયા યજમાન પરિવાર - ભુજ














**શ્રીસ્વામિનારાયણ મંદિર માંડવી-કચ્છ "ઝુલત શ્યામ સુજાણ"**
**હિંડોળા ઉત્સવ એવં 7D શો નું ભવ્યાતિભવ્ય ઉદ્‌ઘાટન**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૮ કુલ અંક-૨૦૪

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૬ અંક-૭ સપ્ટેમ્બર-૨૦૨૬
વર્ષ : ૪૧ સળંગ અંક-૪૮૮

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::**
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

**:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::**
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ,
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીન: ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith




ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૪ |
| લેખ | ૫ |
| સત્સંગ સમાચાર-દેશ | ૬ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૨૭ |
| શ્રી ઘનશ્યામ બાળસંદેશ | ૨૮ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઇઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર–અસ્વીકારની સત્તા તંત્રીઓની છે.
  કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.


- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

# તંત્રીની કલમે

પરમ ઉચ્ચકોટીના બાળ ભક્ત પ્રહ્લાદને અભયદાન આપી તેનાંજ રાક્ષસી વિચારધારાવાળા બાપ હિરણ્યાકશિપુનો અદ્‌ભુત પ્રકારે વધ કર્યો. હાથ જોડી ઉભેલા પ્રહલાદને નૃસિંહ ભગવાન આશ્વાસન આપતાં કહે છે કે, તારું બગડેલું મન ભગવાનના નામજપથી જ સુધરશે. બેટા પ્રહલાદ, તારું મન શુદ્ધ છે, તું ગભરાઈશ મા..!

મનની હાલતની વાત કહ્યા પછી પ્રહ્લાદ હવે ઈન્દ્રિયોની હાલતની વાત કહે છે, ‘‘એક પત્ની પરણેલા જગતમાં ઠેબા ખાય, મારે પાંચ પાંચ પત્ની, મારું શું થાય.’’ કહીને પ્રહલાદે તેની ઈન્દ્રિયોની હાલત સમજાવી. મારા છ લગ્નો થયાં છે. છએ લગ્ન કરેલ ઈન્દ્રિયો મને ચેનથી સુખ લેવા દેતી નથી. મને ખૂબ નચાવે છે.

હે અચ્યુત ! આ ઈન્દ્રિયોને કેમ કશાથી તૃપ્તિ થતી નથી. જીભને અવનવા સ્વાદ જોઈએ, આંખને નવું નવું સૌંદર્ય જોઈએ, નાક, કાન, ત્વચા તેમને મનગમતી વાતમાં મહાલ્યા કરે છે. હું લાચાર છું.

એકવાર એક ચોર એક આધુનિક બંગલામાં ગુસ્યો. સમૃદ્ધ પરિવાર તોય અહ્‌મની મારામાર. પલંગ પર એક પત્નીએ પતિના વાળ પકડી ખેંચે રાખે, બીજી પગ પકડી પછાડે, ત્યાં ચોર ચોર પકડાઈ ગયો ને તેને રાજા પાસે સજા કરાવવા લાવ્યા. રાજા કહે બોલ તારો ગુનો તો મોટો છે, તને શી સજા કરું..? ચોર કરગરતાં કહે, રાજાજી જે સજા કરવી હોય તે કરજો, પણ આ શેઠ જેવી સજા તો ન જ કરજો. પ્રથમ દષ્ટિએ લાગતી આ શેઠ-ચોરની કથા આધ્યાત્મિક જ્ઞાનથી ભરપૂર છે, સાંભળો, તે આપણા જેવા જીવાત્માઓની છે.

પાંચ વિષયો એ પાંચ ઈન્દ્રિયોના સાચા પતિ નથી. વાસ્તવિક રીતે ઈન્દ્રિયોના પતિ પરમાત્મા છે. તૃપ્તિભોગમાં નથી. તૃપ્તિ ત્યાગમાં છે. ભોગ ભોગવવાથી વાસના વધે છે. વિષયોનું ચિંતવન કરવાથી શક્તિનો ક્ષય થાય છે. ઈશ્વરનું સ્મરણ કરવાથી શક્તિ પ્રબળ બને છે.

ઈશ્વરની યોજના પ્રમાણે માનવ ચાલે નહિ ને વાંક કાઢે ઈશ્વરનો એ કેમ ચાલે..! વાહન ચલાવનારો નિયમ પ્રમાણે ચાલે નહિ, ને અકસ્માત થાય તો તેમાં વાંક કોનો ?

‘‘ભારતમાં રોજ મરે હજાર, અકસ્માતો થાય ભરે બજાર, વિકલાંગ બની ફરે લાચાર,
સત્સંગ સમજાવે સદાચાર, શ્રીહરિ વરસાવે કૃપા અપાર.’’



હૃદયે જીવવજ્જીવે યોઅન્તરયામીતયા
સ્થિતઃજ્ઞેયઃ સ્વતંત્ર ઈશોઅસૌ સર્વકર્મફલપ્રદઃ ॥

અને જેમ હૃદયમાં જીવ રહ્યો છે, તેમ જ તે જીવને વિશે અંતર્યામિપણે ઈશ્વર રહ્યા છે. તે સ્વતંત્ર છે, અને તે ઈશ્વર સર્વ જીવોને કર્મફળ આપનારા છે, એમ જાણવા.

ભાષ્યકાર શ્રીશતાનંદ સ્વામી તેથી જ અત્રે સમજાવી રહ્યા છે કે, જન્માંતરોથી ગોથું ખાનારા સત્સંગીઓ માનવ હૃદયમાં જીવ રહ્યો છે. તેમજ તે જીવને વિશે અંતર્યામીપણ ઈશ્વર સ્વરૂપે રહ્યા છે.

ઈશ્વર કોણ છે ? ક્યાં રહે છે ? કેવા છે ? આવી હર જન્મે પૂછ પૂછ કેમ કરો છો ? આપણને ચોર્યાશી લાખ યોનીમાં ક્યાંય ન મળ્યા ? જો આપણે સૌ પોતપોતાના હૃદય ખોલીને જોઈએ તો ત્યાં જ હસતાં રમતાં જોવા મળે..! આત્મસ્થિત સંપર્કથી વિખૂટા પડેલા માનવો જો વિચારે તો ચોર્યાશી લાખ કેમ વેડફાયા તેની સમજ પડે.. અથવા શિક્ષાપત્રીના જ્ઞાન દ્વારા સમજ મળે.

આ શ્લોકમાં તેથી જ સમજાવાયું છે કે, સર્વ જીવો તો નાથેલા પશુ છે..! સર્વે પરમાત્માની કર્માધિન ચાલે જ ચાલે છે, રાજાના દંડથી કદાચ છટકી જાય, પરંતુ ઈશ્વરિય કર્માધિન નિયમોથી છટકી તો નથી જ શકાતું પણ જન્મોજન્મ વ્યાજવટો આપીને છૂટી શકાય ખરું..!

બુદ્ધિપ્રધાન ચતુર લોકો પૂછે કે, મન કહે તેવા કર્મો વિચાર કરીને તો કરીએ છીએ, પછી એમાં આવી ગરબડ કેમ થાય ? તો ધ્યાનથી વાંચજો.......

**"અંતરયામીનું સ્વતંત્રપણું છે, સારા-નરસા**
**કર્મફળપણું છે..!**
**નિરખ અંતઃસ્થિત્વા યમયતિ, નિયમયતિ ઈતિ**
**અંતર્યામિ..!"**

તો આવા બુદ્ધિગમ્ય સવાલો કરનારા જાણી લો જીવની અંદર રહેવું તેને અંતર્યામિપણું કહેવાતું નથી, પરંતુ જીવની અંદર રહીને નિયમન કરવું તેને અંતર્યામિપણું કહેવાયા છે. માત્ર ને માત્ર જ પરમાત્મા અનંત બ્રહ્માંડના નિયંતા છે.

પૃથ્વી પરથી આપણને દેખાતું અવકાશ પરમાત્માએ અનંતાનંત કર્યું છે, જેમાં અનેકાનેક આકાશગંગાઓ, તારાઓ, ગ્રહો, ઉપગ્રહો ઉપરાંત અગણિત જીવો જીવંત સ્થિતિમાં વિદ્યમાન છે જ, અને આજનું અત્યાધુનિક વિજ્ઞાન પણ આ સૌનું વર્ણન કરતું જ જાય છે. અને નિખાલસતાથી કબૂલે છે કે તેમને આ

સર્વેની રચના જીવંતતાને વિલયનો છેડો જ મળતો નથી ને બધું જ ‘બ્લેક હોલ’માં વિલિન થઈ જાય છે.

“ઈશ્વર જ સર્વનું સંચાલન કરે, ચાલન કરે
શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ હિંડોળા મહોત્સવનો પ્રારંભ
ઉચ્ચાલન કરે, વિચાલન કરે..!
બ્રહ્મા, શંકર, કાળ ને માયાનું, સર્વ બંધકોને
મુક્તોનું નિયંત્રણ કરે..!”

ભગવદ્‌ગીતાના વચન પ્રમાણે ઈશ્વરઃ સર્વ
ભૂતાનાં હૃદેશેડર્જુનતિષ્ઠતિ । ભ્રામયન
સર્વભૂતાનિ યંત્રારૂઢાનિ માયયાઃ ॥

મતલબ પરમાત્મા સર્વ પ્રાણીમાત્રના હૃદયમાં અંતર્યામિરૂપે વિદ્યમાન છે, અને કર્મને અનુસારે શરીરરુપી યંત્રમાં બેઠેલા સર્વ પ્રાણીઓને ભ્રમણ કરાવે છે. અર્થાત જન્મમરણ કરાવે છે.

આ રીતે પરમાત્માને જીવની અંદર પ્રવેશીને શાસનકર્તા કહેલા છે, પરંતુ કર્મો તો જીવે જ ભોગવવાના છે. અને તેથી ફળો પણ જીવે જ ભોગવવાના છે.

“જીવને પરમાત્મા તત્ત્વ છે અનાદિ, વ્યાપ્ય-
વ્યાપક, શાસ્ય-શાસક;
પાલ્ય-પાલક ને ભેદ્ય-અભેદ્ય, અક્ષરધામે
ઈશ્વર બિરાજે અનંતાદિ..!”

અનંત બ્રહ્માંડ માયા છે. ઈશ્વર સિવાય બધું જ માયા છે. માયા તો રણમાંના ઝાંઝવાનાં જળ જેવી ઝગઝગાટ છે..! ઈશ્વર દિવ્ય છે, જે સાકારીરૂપમાં પ્રાણપ્રતિષ્ઠિત મૂર્તિમાં વિદ્યમાન છે. આ પ્રમાણે જીવ, માયા અને ઈશ્વરના આ ત્રણેય સ્વરૂપોને રૂડી રીતે શિક્ષાપત્રી ઉજાગર કરે છે. અને શતાનંદ સ્વામી સત્સંગીઓને સમજાવે છે.

“શિક્ષાપત્રીમાં શ્રીહરિએ પ્રેમથી માનવ માટે જ્ઞાન ભર્યું છે..! માયામાં માનવો ફેરફુદરડી ફરે, ચોર્યાશી વેડફે.! હરિભક્તો મોક્ષ મેળવે..!”

# સત્સંગ સમાચાર દેશ

## શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ હિંડોળા મહોત્સવનો પ્રારંભ

સનાતન વૈષ્ણવ સંપ્રદાયમાં હિંડોળા મહોત્સવનો ખૂબ મોટો મહિમા છે. તેમાંય સ્વામિનારાયણ સંપ્રદાયમાં હિંડોળાનું ખૂબ જ મહત્ત્વ છે. એ પછી દેશ હોય કે વિદેશ, શહેર હોય કે ગામડું ભગવાન શ્રીસ્વામિનારાયણના મંદિરોમાં અષાઢ મહિનાથી શરૂ થઈ શ્રાવણ માસની પૂનમ સુધી મંદિરમાં બિરાજમાન દેવોને અવનવા હિંડોળામાં ઝુલાવવામાં આવે છે. એમાં ફળ, ફૂલ, સૂકા મેવા, શાકભાજી, રમકડાં તેમજ અલગ અલગ દેશોની કરન્સી સાથે હિંડોળા બનાવી લોકોના દર્શન માટે મૂકવામાં આવે છે.

ભુજ મંદિરની વાત કરીએ તો છેલ્લા બે મહિનાથી નવરંગી અવનવી ડિઝાઈનો બનાવી આખા મંદિરને શણગારમાં આવેલ છે. અને મુખ્ય મંદિરના મધ્યમાં મોટા ત્રણ હિંડોળામાં શ્રીઘનશ્યામ, રાધાકૃષ્ણ અને સ્વામિનારાયણ ભગવાનને બિરાજમાન કરેલ છે. આખાય મંદિરનું કલાત્મક નવરંગી શણગાર મન મોહી લે તેમ છે.

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ





હિંડોળાની શરૂઆત તા.૩૧ જુલાઈ ૨૦૨૬ થી થઈ છે. એક મહિના સુધી ચાલનારા આ હિંડોળા મહોત્સવ ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી જગતપાવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી વિશ્વપ્રકાશદાસજી, સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી, કોઠારી સ્વામી નારાયણમુનિદાસજી, કોઠારી સ્વામી દેવવિહારીદાસજી, સ્વામી દર્શનપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ ખીમજી ભગત, કોઠારી પાર્ષદ દિનેશ ભગત, પાર્ષદ નારાણ ભગત એ આદિ બ્રહ્મનિષ્ઠ સંતો તથા ગામ માનકુવા-ભક્તિનગરના અ.નિ.ગોપાલ કાનજી દબાસીયા પરિવારના ગં.સ્વ.કુંવરબેન ગોપાલ, રામજીભાઈ, લાલજીભાઈ, શાંતિલાલભાઈ આદિ દબાસીયા પરિવાર યજમાનપદે વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો. તેમાં દેશ-વિદેશથી હરિભક્તો પધાર્યા હતા.






જેમાં સુવર્ણ, ડ્રાયફૂટ, જુદા જુદા ધાન્ય, કચ્છી આભલા, વસ્ત્ર-આભૂષણ વિગેરેના હિંડોળા સાથે મુખ્ય ૧૫ ફૂટનો હિંડોળો બનાવવામાં આવ્યો હતો. હિંડોળા બનાવવાની સેવામાં બહેનોના મંદિરના મહંત સાં.યો.સામબાઇ ફઇ આદિ સાં.યો. બહેનો તથા ગૃહસ્થ બહેનો તથા માધાપર, મીરજાપર અને સુખપરના યુવાનો પોતાની સેવા આપી રહ્યા છે.



આખા મંદિરને લાઈટોથી ડેકોરેશન કરવામાં આવ્યું જેમાં સ્વામી નીલકંઠસ્વરૂપદાસજી આદિ સંતો સહયોગી રહ્યા હતા.

કચ્છ દેશના મંદિરોમાંથી સાં.યો. બહેનો, શહેરીજનો અને ચોવિસીમાંથી મોટી સંખ્યામાં દેશ-વિદેશના હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. એક મહિનો ચાલનાર આ હિંડોળા દર્શનનો સમય સાંજે ૪ વાગ્યાથી રાત્રે ૮ વાગ્યા સુધીનો રાખવામાં આવેલ છે. જે દર્શનાર્થીઓ અને સેલ્ફી લેનાર હરિભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર ભુજ મંદિર બની રહ્યું છે.

અ - કોઠારી સ્વામી દેવવિહારીદાસજી

## શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજધામ ખાતે દેશના ૮૦ માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી, કોઠારી સ્વામી નારાયણમુનિદાસજી, કોઠારી સ્વામી દેવવિહારીદાસજી, આદિ બ્રહ્મનિષ્ઠ સંતો તથા હરિભક્તોની હાજરીમાં રાષ્ટ્રધ્વજ ફરકાવીને ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું.

૧૯૪૭ આજના દિવસે ભારત દેશ અંગ્રેજીની ગુલામીમાંથી સ્વતંત્રતા પ્રાપ્ત કરી તેને ૭૯ વર્ષ પૂરાં થયા. આ માત્ર એક તારીખ નથી, પરંતુ લાખો સ્વાતંત્ર્ય સેનાનીઓના ત્યાગ, બલિદાન અને સંઘર્ષની યાદ અપાવતો પવિત્ર



હમેશાં સરહદ ઉપર જઈને લડવું જરૂરી નથી. પણ આપણે આપણું કામ પ્રમાણિકતાથી કરી, કોઈ ગરીબની મદદ કરવી, વૃક્ષો વાવીએ અને પર્યાવરણ બચાવીએ, સ્વચ્છતા રાખવી,





દિવસ છે. મહાત્માગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, સુભાષચંદ્ર બોઝ, ખુદીરામ બોઝ, ભગતિસંહ, ચંદ્રશેખર આઝાદ જેવા અનેક મહાનુભાવો દેશ માટે પોતાનું જીવન સમર્પિત કર્યું. કેટલાય એવા વીર હતા જેમાના નામની આપણને ખબર નથી, પરંતુ બલિદાનને કારણે આજે આપણે આઝાદ હવામાં શ્વાસ લઈ રહ્યા છીએ.

આપણે ઘણી વખત વિચારીએ છીએ કે દેશ માટે આપણે શું કરી શકીએ ? દેશસેવા માટે નિયમોનું પાલન કરીએ એ પણ દેશ સેવા જ છે. અને સૌથી મહત્ત્વનું આપણાં બાળકોને સારા સંસ્કાર આપી એ રાષ્ટ્ર નિર્માણનું સૌથી મોટું કાર્ય છે. આપણા દેશને સ્વચ્છ, શિક્ષિત, સંસ્કારી અને શક્તિશાળી બનાવવા માટે આપણાથી બનતા પ્રયાસ કરીએ.

પૂજ્ય મહંત સ્વામીએ સનાતન સંસ્કૃતિનું જતન અને દેશ સેવામાં સદાય આગળ રહેજો એવી શુભેચ્છા પાઠવી હતી.

અ - કોઠારી સ્વામી દેવવિહારીદાસજી

## શ્રીસ્વામિનારાયણ પ્રસાદી મંદિર ભુજ આધ્યાત્મિક પ્રવૃત્તિઓ અને સત્સંગ સભાઓ

શ્રીસ્વામિનારાયણ પ્રસાદી મંદિર ભુજ ખાતે જુલાઈ અને ઓગષ્ટ ૨૦૨૬ દરમિયાન વિવિધ આધ્યાત્મિક તથા સત્સંગ પ્રવૃત્તિઓનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. મંદિર ખાતે યોજાતા વિવિધ કાર્યક્રમોમાં હરિભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને સત્સંગનો લાભ લીધો હતો.

**દેવશયની એકાદશીની વિશેષ ઉજવણી :-** ૨૫ જુલાઈ ૨૦૨૬ ના રોજ દેવશયની એકાદશી




નિમિત્તે વિશેષ ધૂન-કીર્તન તથા મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. હરિભક્તોએ ભક્તિભાવપૂર્વક ધૂન-કીર્તન-મહાઆરતીનો લાભ લઈ આ પવિત્ર દિવસની ઉજવણી કરી હતી.

**હિંડોળા ઉત્સવનો શુભારંભ :-** ૫ ઓગષ્ટ ૨૦૨૬ ના રોજ શ્રીહરિના હિંડોળા ઉત્સવનું ભવ્ય ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. મંદિર ખાતે ભક્તિમય વાતાવરણ વચ્ચે હિંડોળા દર્શન તથા સત્સંગનો લાભ હરિભક્તોએ લીધો હતો.

**પંચાહ્ન પારાયણ :-** સ્વામી તીર્થમુનિદાસજી તથા પૂજારી સ્વામી ભક્તિવિહારીદાસજી દ્વારા કચ્છલીલા ગ્રંથનું પંચાહ્ન પારાયણ કરવામાં આવ્યું હતું. પારાયણ દરમિયાન કચ્છની પવિત્ર ભૂમિ સાથે જોડાયેલા શ્રીહરિના પ્રસંગો અને લીલાઓનું શ્રવણ કરવાનો સુંદર અવસર હરિભક્તોને પ્રાપ્ત થયો હતો.

**શ્રાવણ માસની રાત્રી સત્સંગ સભા :-** તા.૧૨/૮/૨૦૨૬ થી તા.૧૧/૯/૨૦૨૬ સુધી શ્રાવણ માસ નિમિત્તે મંદિર ખાતે વિશેષ રાત્રી સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાત્રી સત્સંગ સભામાં નિષ્કુળાનંદ સ્વામી રચિત ‘ધીરજાખ્યાન’ ગ્રંથનું કથાવાર્તા દ્વારા



નિરૂપણ કરવામાં આવ્યું હતું. કથાના વક્તા પૂજારી સ્વામી ભક્તિવિહારીદાસજી દ્વારા સરળ અને ભાવસભર શૈલીમાં ગ્રંથના પ્રસંગો તથા તેમા રહેલાં આધ્યાત્મિક સંદેશનું રસાળ નિરૂપણ કરવામાં આવ્યું હતું.

રાત્રી સત્સંગ સભામાં દરરોજ આશરે ૨૫૦ થી ૩૦૦ હરિભક્તો ઉત્સાપૂર્વક ઉપસ્થિત રહીને કથા શ્રવણનો લીધો હતો. મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી પણ દરરોજ ઉપસ્થિત રહીને હરિભક્તોને આશીર્વચન તથા માર્ગદર્શન આપ્યું હતું.

આ સમગ્ર આયોજનના પરિણામે મંદિર ખાતે ચાતુર્માસ-શ્રાવણ માસ દરમિયાન નિયમિત સત્સંગ, ભક્તિ અને આધ્યાત્મિક ચિંતનનું સુંદર વાતાવરણ સર્જાયું હતું. હરિભક્તોમાં સત્સંગ પ્રત્યેની શ્રદ્ધા અને ઉત્સાહ વધે તથા શ્રીહરિના ઉપદેશોને જીવનમાં ઉતારવાની પ્રેરણા મળે તેવો આ કાર્યક્રમ સૌ માટે આધ્યાત્મિક રીતે લાભદાયી બની રહ્યો હતો.

શ્રીસ્વામિનારાયણ ભગવાનની કૃપાથી મંદિર ખાતે આવા સત્સંગમય અને ભક્તિમય કાર્યક્રમો સતત થતા રહે તથા સર્વે હરિભક્તોને સત્સંગનો લાભ મળતો રહે તેવી પ્રાર્થના.

અ - સી.એ.ભાર્ગવ નિતિનભાઇ ગોર

## શ્રીસ્વામિનારાયણ મંદિર માંડવી-કચ્છ “ઝુલત શ્યામ સુજાણ” હિંડોળા ઉત્સવ એવં 7D શો નું ભવ્યાતિભવ્ય ઉદ્‌ઘાટન

શ્રીસ્વામિનારાયણ મંદિર માંડવીધામમાં બિરાજમાન થઇ વર્ષોથી માંડવી વિસ્તારના તમામ સાં.યો.બહેનો, કર્મયોગી બહેનો, ભાઇઓ, બાળ-બાલિકાઓ, યુવાન-યુવતીઓને દર્શન આપી વ્યવહારમાં સુખીયા કરતા ભગવાન શ્રીવૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રીઘનશ્યામ મહારાજના પાવન સાંનિધ્યમાં વિવિધ હિંડોળે ઝુલી રહેલા શ્રીઠાકોરજીના વિવિધ સ્વરૂપોના અલૌકિક દર્શનનો લાભ મળી રહ્યો છે.

સંપ્રદાયના ધર્મશાસ્ત્રાનુસાર ધર્મદેવ અને ભક્તિમાતા વૃંદાવનમાં દુઃખના સમયે હિંડોળે ઝુલતા બાંકેબિહારીના દિવ્ય દર્શન કરી સુખીયાં થયાં હતાં. આ દિવ્ય પરંપરા વર્ષોથી ચાલી આવે છે. ત્યારે આ પવિત્ર પર્વે શ્રીસ્વામિનારાયણ મંદિર માંડવીધામ ખાતે આયોજિત “ઝુલત શ્યામ સુજાણ” હિંડોળા ઉત્સવ એવં 7Dશો નું ભવ્યાતિભવ્ય ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.

આ શુભ પ્રસંગે ભુજધામના પૂજ્ય મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, પૂજ્ય ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, કોઠારી પાર્ષદ ખીમજી ભગત આદિ વડીલ બ્રહ્મનિષ્ઠ સંતો અને કોઠારી સંતો હાજર રહ્યા હતા. અને માંડવી મંદિરના મહંત સદ્‌ગુરુ શા.સ્વામી ગોલોકવિહારીદાસજી, મંડળના મોટેરા જ્ઞાનમૂર્તિ વડીલ સદ્‌ગુરુ પુરાણી સ્વામી શ્રીહરિદાસજી, સદ્‌ગુરુ શા.સ્વામી ભક્તિપ્રિયદાસજી, માંડવી મંદિરના મુખ્ય કોઠારી શા.સ્વામી દેવસ્વરૂપદાસજી, શા.સ્વામી ઘનશ્યામસેવકદાસજી, શા.સ્વામી નારાયણપ્રિયદાસજી અને મંડળના સક્રિય યુવાન સૌ સંતો તેમજ આઠેય મંડળના પૂજ્ય સંતોની પાવન નિશ્રામાં હિંડોળા મહોત્સવ તથા 7Dશો નાયજમાનશ્રીઓની ઉપસ્થિતિમાં ઉદ્‌ઘાટનવિધિ સંપન્ન થઇ. સ્થાનિક માંડવી વિસ્તારના




હરિભક્તો, તપસ્વિની સાં.યો.બહેનો તથા કર્મયોગી બહેનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સમગ્ર કાર્યક્રમને ગૌરવવાન બનાવ્યો હતો.

આ ઉદ્‌ઘાટન પ્રસંગે ભુજધામ, પ્રસાદી મંદિર ભુજ, અંજાર, રાપર અને શૈક્ષણિક સંસ્થાઓમાંથી બહોળી સંખ્યામાં સંતો પધાર્યા હતા. અને ચોવિસી ગામડાઓમાંથી સાં.યો.બહેનો બહોળી સંખ્યામાં પધાર્યા હતા. "ઝુલત શ્યામ સુજાણ" હિંડોળા ઉત્સવ એવં 7Dશો આદિ પ્રસંગોનો આછો અહેવાલ મંડળધારી સદ્‌ગુરુ શા.સ્વામી ગોલોકવિહારીદાસજીએ આપ્યો હતો. અંતમાં ભુજથી પધારેલા સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી, રાપર મંદિરથી પધારેલા સદ્‌ગુરુ સ્વામી નીલકંઠચરણદાસજી અને મંડળના જ્ઞાનમૂર્તિ વડીલ સદ્‌ગુરુ પુરાણી સ્વામી શ્રીહરિદાસજીએ અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

ઉદ્‌ઘાટન પછી હરિભક્તો માટે દિવ્ય અક્ષરધામના એક પછી એક દિવ્ય દ્વાર ખુલતા ગયા. આગળ વધતાં અન્નવૈભવનું પ્રતિક ધાન્ય હિંડોળો, પુષ્પોની સુગંધથી મહેંકતા ગોળ અને ચોરસ હિંડોળા, શીતળ જળધારાઓ વચ્ચે ઝુલતા શ્રીહરિનો માટલાના પાણીનો હિંડોળો અને રંગોત્સવના સાત રંગોથી શોભતો હિંડોળો. આ બધા દર્શન હરિભક્તોના અંતરમાં પ્રકૃત્તિ, પવિત્રતા અને પરમાત્માની અનુભૂતિ જગાવતું હતું. જાણે દરેક હિંડોળો પોતાનો અલગ આધ્યાત્મિક સંદેશ આપતો હોય. સ્મૃતિરૂપ સેલ્ફી બટરફલાય સૌના આનંદનું કેન્દ્ર બન્યું. ત્યારબાદ લાઈટીંગ ગુફામાંથી પસાર





અર્થાત અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશ તરફની યાત્રાનો અનુભવ કરી, ચલણી નોટોથી સજાવેલ માયાનગરીના મહેલમાં નિર્લેપભાવે બિરાજતા શ્રીહરિના દર્શન એ સંદેશ આપત હતા કે સાચો વૈભવ તો ભગવાનના ચરણોમાં જ છે, ધનના ઢગલામાં નહિં.

ચંદ્રના શીતળ સ્વરૂપમાં તથા સૂર્યના તેજોમય વૈભવમાં બિરાજમાન શ્રીહરિના દર્શન મનને શાંતિ અને જીવનને દિવ્ય પ્રેરણા આપતા હતા. ફૂલબાગના નંદનવન સમા હિંડોળામાં રંગબંરંગી પુષ્પોની વચ્ચે ઝુલતા શ્રીહરિ સૌના હૃદયને હરખાવી રહ્યા હતા.

આ સમગ્ર દર્શનયાત્રાનું શિખર હતું શ્રીવૃંદાવન હિંડોળો. કદંબની છાયામાં, યમુનાના તટની સ્મૃતિ જગાવતું દૃશ્ય, મોરપીંછ અને ગાયો વચ્ચે બિરાજમાન શ્રીવૃંદાવનવિહારીના દર્શન ભક્તહૃદયને પ્રેમભક્તિના અલૌકિક ભાવથી રસ તરબોળ કરી દે છે.

આધ્યાત્મિક આનંદની સાથે આધુનિક ટેકનોલોજીનો અદ્‌ભુત સમન્વય કરતો 7D શો જુઓ, અનુભવો, રોમાંચિત થાઓ. એ સૌ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું. દૃશ્ય, ધ્વનિ અને જીવંત અનુભૂતિના સમન્વયથી તૈયાર કરાયેલ આ શૌ એ બાળકો, યુવાનો અને વડીલો સૌને રોમાંચિત કરી દીધા હતા.

આ તમામ કૃતિઓમાં શા.સ્વામી



નારાયણપ્રિયદાસજી, શા.સ્વામી વર્ણીવિહારીદાસજી, પુરાણી સ્વામી વાસુદેવપ્રિયદાસજી, શા.સ્વામી ધ્યાનસ્વરૂપદાસજી અને પુરાણી સ્વામી યોગેશ્વરદાસજીએ ખૂબ મહેનત કરી ઓપ આપ્યો હતો. સંતોની સાથે હરિભક્તોનો વિપુલ સહયોગ રહ્યો હતો.

સંતોની પ્રેરણા, યજમાનશ્રીઓની અડગ શ્રદ્ધા, સેવાભાવી હરિભક્તોની નિષ્ઠાભરી સેવા અને હરિભક્તોના અખૂટ ઉત્સાહથી સમગ્ર આયોજન ભવ્યતા અને વ્યવસ્થાનું જીવંત ઉદાહરણ બની રહ્યું. શ્રીહરિને અર્પિત આ હિંડોળા મહોત્સવ માત્ર કલાત્મક કૃતિઓનો સમૂહ નહોતો, પરંતુ ચાર પુરુષાર્થને સિદ્ધ કરી આપતો, અને સંસ્કૃતિ, સંસ્કાર, સત્સંગ અને આધ્યાત્મિક સંદેશનો એક જીવંત મહોત્સવ હતો.

કાર્યક્રમનું સંચાલન શા.સ્વામી કૃષ્ણવિહારીદાસજીએ સંભાળ્યું હતું.

ભગવાન શ્રીસ્વામિનારાયણની અસીમ કૃપાથી આ દિવ્ય આયોજનનો લાભ અસંખ્ય હરિભક્તો પ્રાપ્ત કરે, તેમના હૃદયમાં પ્રભુ પ્રેમ અને ભક્તિ સુદૃઢ બને, અને સૌનું જીવન શ્રીહરિના ચરણોમાં સમર્પિત થાય એજ પ્રાર્થના.

અ - શા.સ્વામી ભક્તિપ્રિયદાસજી

## શ્રીસ્વામિનારાયણ મંદિર અંજાર હિંડોળા મહોત્સવ

શ્રીસ્વામિનારાયણ મંદિર અંજાર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ તા.૩૧/૭/૨૦૨૬ થી તા.૩૦/૮/૨૦૨૬ દરમિયાન હિંડોળા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૨ ઓગષ્ટના રોજ વિશેષ નવલખા પર્વત એવં હિંડોળા દર્શનનું ઉદ્‌ઘાટન ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી સદ્‌ગુરુ ઉપમહંત સ્વામી ભગવદ્‌જીવનદાસજી તથા સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગતના આશીર્વાદથી તથા ભુજધામથી પધારેલા સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી આદિ સંતોના હસ્તે થયેલ હતું. તથા વડીલ સદ્‌ગુરુ સ્વામી નારાયણવલ્લભદાસજી, સદ્‌ગુરુ સ્વામી અક્ષરવલ્લભદાસજી, સદ્‌ગુરુ સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી, પુરાણી સ્વામી દેવજીવનદાસજી, પુરાણી સ્વામી પ્રભુસ્વરૂપદાસજી, પુરાણી સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી હરિસેવકદાસજી, સ્વામી નંદકિશોરદાસજી આદિ સંતો ખાસ ઉપસ્થિત



રહ્યા હતા. સભા સંચાલન શા.સ્વામી હરિકૃષ્ણદાસજીએ સંભાળ્યું હતું. સમાપન ઉદ્‌બોધનમાં સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજીએ સંતો તથા હરિભક્તોની સેવાને બિરદાવી હતી.

**ચાતુર્માસ પ્રસંગે શ્રીશિક્ષાપત્રી ભાષ્ય એવં શ્રીમદ્‌ભાગવત કથા :-** અંજારમાં સૌ પ્રથમવાર ચાતુર્માસ પ્રસંગે શ્રીશિક્ષાપત્રી ભાષ્ય એવં શ્રીમદ્‌ભાગવત કથા વિશેષરૂપે ખૂબ જ ધામધૂમથી તા.૨૫/૭/૨૦૨૬ થી તા.૪/૯/૨૦૨૬ જન્માષ્ટમી સુધી ઉજવવામાં આવી હતી. જેના માટે વિશેષ ડોમ મંદિરના પટાંગણમાં આકાર થયેલ. બહેનો-ભાઈઓ રાત્રે આ કથાનો લાભ લઈ રહ્યા છે. તથા વિશેષ લાઈવ દર્શાવતા મોટી સંખ્યામાં દેશ-વિદેશના ભક્તો લાભ લઈ રહ્યા છે. વક્તાપદે સવારે શિક્ષાપત્રી ભાષ્ય કથાનું વાંચન શા.સ્વામી ઘનશ્યામદાસજી તથા રાત્રે શ્રીમદ્‌ભાગવત કથામૃતનું રસપાન શા.સ્વામી હરિકૃષ્ણદાસજી તથા શા.સ્વામી આનંદવલ્લભદાસજી કરાવી રહ્યા છે. તથા સંગીત સ્વામી નીલકંઠમુનિદાસજી સંભાળી રહ્યા છે. સભાનું સંચાલન શા.સ્વામી આનંદવલ્લભદાસજી, શા.સ્વામી હરિકૃષ્ણદાસજી તથા શા.સ્વામી ધર્મચરણદાસજી સંભાળી રહ્યા છે. કથા પ્રસંગ અંતર્ગત વિવિધ ઉત્સવો ઉજવાઈ રહ્યા છે. તથા દરરોજ કથામૃતનું રસપાન કરવા પધારતા ભક્તોને મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

આ પ્રસંગોમાં પુરાણી સ્વામી હરિપ્રસાદદાસજીએ ઉત્સવની તથા સ્વામી નૌતમપ્રકાશદાસજીએ લાઈવ મિડિયાની જવાબદારી સંભાળી હતી. તથા અન્ય સંતો તથા અંજાર મંદિરની કાર્યવાહક કમિટિના કોઠારી સામજીભાઈ ધનજી હિરાણી આદિ સભ્યો સહયોગ આપી રહ્યા છે. તથા બહેનોના મંદિરના










મહંત સાં.યો.ત્રિવેણીબેન આદિ સર્વે સાં.યો.બહેનો તથા મહિલા મંડળન તથા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળના સભ્યો ખૂબ સહયોગ આપી આ પ્રસંગને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

અ - મેહુલભાઈ પ્રવિણચંદ્ર ઠક્કર - અંજાર

## શ્રીસ્વામિનારાયણ મંદિર રાપરમાં ૩૬ હિંડોળા સાથે ગોકુળધામ તેમજ વૃંદાવનધામ દર્શનની ઝાંખી સાથે ભવ્ય પ્રદર્શનનું ઉદ્‌ઘાટન

વર્ષાઋતુથી નવપલ્લવીત વનરાજીના આનંદિત સમયમાં ભગવાનને હિંડોળામાં પધરાવી ભક્તિભાવથી ઝુલાવવાનો અને તેની સેવાનો લહાવો લેવાનો ખાસ કચ્છનાં શ્રીસ્વામિનારાયણ મંદિરોમાં વિશેષ અવસર મળે છે.

આવા સમયે મુખ્ય મંદિરોમાં વિશેષ પ્રદર્શનો કરાવવામાં આવે છે. રાપરમાં આવેલ શ્રીસ્વામિનારાયણ મંદિરને આ હિંડોળાના ઉપલક્ષ્યમાં ગોકુલધામ તેમજ વૃંદાવનધામ તુલ્ય શણગાર સજીત કરવામાં આવ્યું છે. નિજ મંદિરમાં હિંડોળામાં શ્રીઠાકોરજીને ઝુલાવવામાં આવે છે. અને દરરોજ બદલાશે અને નવા થશે. તે માટે લોકો પોતાની સેવા આપી રહ્યા છે. તેમજ નિજ મંદિરમાં અને મંદિરના પટાંગણમાં બાળપ્રભુ કૃષ્ણની લીલાઓના પ્રસંગોની ઝાંખી કરાવતું ભવ્ય ગોકુલધામ પ્રદર્શન ગોઠવવામાં આવ્યું છે. ખૂબ ઉત્સાહ સર્વેનો સાથ અને અનેરી મહેનતથી સર્જન પામેલ છે.

કાર્યના ઉદ્‌ઘાટન માટે તેમજ સંતો-ભક્તો સર્વેનો ઉત્સાહ તથા ભક્તિ વધારવા માંડવીથી શ્રીવૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજના તેમજ મંડળના વડીલ સદ્‌ગુરુ પુરાણી સ્વામી શ્રીહરિદાસજીના આશીર્વાદ લઈ પધારેલા મંડળધારી શા.સ્વામી ગોલોકવિહારીદાસજી,





કોઠારી શા.સ્વામી ઘનશ્યામસેવકદાસજી તેમજ શ્રીસહજાનંદ ગુરુકુળ માનકુવા તથા શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ રાપર વિગેરે સ્થાનોથી સંતો પધાર્યા હતા. સાથે રાપર મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી તથા વડીલ સંતોમાં સદ્‌ગુરુ સ્વામી નીલકંઠચરણદાસજી, સ્વામી અક્ષરવિહારીદાસજી, સ્વામી ધર્મજીવનદાસજી સહિત નાના મોટા બ્રહ્મનિષ્ઠ સંતો તથા દરેક વિભાગના યજમાનો સાથે રહી આ ભવ્ય કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરેલું.

રાપર મંદિરના મહંત સ્વામી સહિત વડીલ સંતોના આશીર્વાદ અને માર્ગદર્શન સંતોના નિર્દેશ પ્રમાણે રાપર વિસ્તારના કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનો તેમજ યુવતીઓ તેમજ સાં.યો.રમીલાબાઇ આદિ બહેનોની મહેનતથી સર્જન પામેલ ભવ્ય પ્રદર્શન જોઇ પધારેલ સર્વે સંતો ખૂબ રાજી થઇ અંતરના આશીર્વાદ પાઠવેલા. તેમજ ઉદ્‌ઘાટન પૂર્વે યોજાયેલ સભામાં સર્વે હરિભક્તોને સન્માન સાથે પૂજ્ય મહંત સ્વામીના આશીર્વાદ પ્રાપ્ત થયા હતા.

હૃદયના ભાવ સાથે ખંત ઉમંગથી ખૂબ સેવા કરતા રાપર વિસ્તારના કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનો તેમજ યુવતીઓની મહેનતનું મોટું યોગદાન છે. તો મંદિર, સંતો, સત્સંગને પોતાના ઘર જેટલું વહાલું માનતા રાપર તેમજ દેશ-વિદેશમાં વસતા ઉદારદિલના દાતાશ્રીઓની પણ મોટી સેવા છે.

તા.૯/૮/૨૦૨૬ અષાઢ વદ-૧૧ રવિવારના રાપર મધ્યે ભવ્ય હિંડોળા ઉદ્‌ઘાટન પ્રસંગે ગોકુળધામ હિંડોળાના ઓપનીંગના યજમાનપદે કાનજીભાઇ ધરમશી આરેથીયા, ગોપીઘરના યજમાનપદે હરજીભાઇ હરિભાઇ પોલાર રહ્યા હતા તથા ચરણારવિંદ હિંડોળાના યજમાનપદે સાં.યો.રમીલાબાઇ રહ્યા હતા.

અ - કોઠારી સ્વામી સુખનંદનદાસજી

## શ્રીસ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્ ચાંદરાણી

ગુરુપૂર્ણિમા મહોત્સવ :- તા.૨૯/૭/૨૦૨૬ ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું સ્થાન સર્વોચ્ચ અને વંદનીય છે. ગુરુ અજ્ઞાનરૂપી તિમિરને દૂર કરી શિષ્યના અંતરમાં જ્ઞાનરૂપી દિવ્ય જ્યોત પ્રગટાવે છે. સનાતન ગુરુ-શિષ્ય પરંપરાના મહિમાનું સંવર્ધન કરવાના શુભ સંકલ્પ સાથે શ્રીસ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્ ચાંદરાણી ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવ અત્યંત ભાવપૂર્ણ અને દિવ્ય વાતાવરણમાં સંપન્ન થયો.

મહોત્સવના પ્રારંભે વહેલી સવારે ૭-૦૦ કલાકે ચાંદરાણી ગામમાં એક ભવ્ય પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરુકુલના ઋષિકુમારોએ હરિનામ સંકીર્તન સાથે ગામભ્રમણ કરી ગામના સમસ્ત મંદિરોમાં દર્શન-અર્ચન કરી ધન્યતા અનુભવી હતી.

સભાનો મંગલ પ્રારંભ ઋષિકુમારો દ્વારા શ્રીસ્વામિનારાયણ મહામંત્રની ધૂન, વેદ મંત્રોચ્ચાર અને પ્રાર્થના સાથે થયો. ત્યારબાદ ‘ગુરુણામ્ ગુરુઃ’ એવા પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણનું ષોડ્શોપચ્ચાર પૂજન અને આરતી કરવામાં આવી.



પર્વના ઉપલક્ષયમાં ઋષિકુમારોએ એકપાત્રીય અભિનયની સુંદર પ્રસ્તુતિ કરી. જેમાં મહર્ષિ કૃષ્ણ દ્વૈપાયન વેદવ્યાસજી, ભગવાન શ્રીગણેશજી, શુકદેવજી, મહર્ષિ વૈશંપાયનથી લઈને આધુનિક ગુરુકુલીય પરંપરા સુધીના આદર્શ ગુરુ-શિષ્ય સંબંધોના પ્રસંગો જીવંત થયા હતા. આ ભાવસભર કૃતિઓએ શિષ્ય ધર્મ, આજ્ઞા પાલન, શ્રદ્ધા અને સમર્પણભાવનું મહત્ત્વ ઉજાગર કરી સમગ્ર વાતાવરણને ગુરુભક્તિના રંગે રંગી દીધું.

આ મંગલ અવસરે પુરાણી સ્વામી હરિબળદાસજી, શા.સ્વામી અક્ષરપ્રિયદાસજી, પુ.સ્વામી રામાનુજદાસજી, પુ.સ્વામી રામપ્રિયદાસજી, શા.સ્વામી આનંદમુનિદાસજી તેમજ શા.સ્વામી ઈશ્વરપ્રિયદાસજી આદિ સંતવૃંદ ઉપસ્થિત રહ્યા હતા.

પૂજ્ય પુરાણી સ્વામી હરિબળદાસજીએ પોતાના આશીર્વચનમાં જણાવ્યું કે, ‘‘સદ્‌ગુરુ શિષ્યના જીવનમાંથી દોષ, અંહકાર અને અજ્ઞાનનું નિવારણ કરી ભક્તિ, સદાચાર અને સમર્પણના સંસ્કારોનું સિંચન કરે છે.’’

ત્યારબાદ ઋષિકુમારોએ શાસ્ત્રોક્ત વિધિથી પૂજ્ય સંતો-ગુરુજનોનું પૂજન કરી આશીર્વાદ મેળવ્યા તથા આજીવન ગુરુ આજ્ઞા પાવાનો દૃઢ સંકલ્પ વ્યક્ત કર્યો.

સાંજે ૬-૦૦ કલાકે હિરાપર ગામ ખાતે ભક્તિભાવપૂર્ણ માહોલમાં ભવ્ય ‘સંધ્યાફેરી’નું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરુકુળના ઋષિકુમારોએ હરિનામ સંકીર્તનની સુરાવલીઓ સાથે સમગ્ર ગામમાં ભ્રમણ કર્યું હતું. આ પાવન અવસરે ગ્રામજનો પણ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. ઋષિકુમારો તથા ગ્રામજનોએ ગામના સમસ્ત મંદિરોમાં દેવ દર્શન અને અર્ચન કરી ધન્યતાનો અનુભવ કર્યો હતો.

ઋષિકુમારો અને ગુરુકુલ પરિવારના સુચારુ સંચાલન હેઠળ ઉજવાયેલો આ મહોત્સવ મહાપ્રસાદ સાથે સંપન્ન થયો. આ ઉત્સવ કેવળ એક ધાર્મિક અનુષ્ઠાન ન બની રહેતાં, વિદ્યાર્થીઓમાં સંસ્કાર, વિનય અને સેવાભાવને સુદૃઢ કરતો સાચો ‘સંસ્કારોત્સવ’ બની રહ્યો.

**૮૦ મો સ્વતંત્રતા દિવસ ઉજવણી :-** તા.૧૫/૮/૨૦૨૬ ભારતના ૮૦ મા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે શ્રીસ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્ ચાંદરાણી ખાતે રાષ્ટ્રભક્તિ, ગૌરવ અને ઉત્સાહસભર દિવ્ય વાતાવરણમાં સ્વાતંત્ર્ય દિનની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

રાષ્ટ્રીય પર્વના મંગલ પ્રારંભ વહેલી સવારે સંતો તથા ઋષિકુમારો દ્વારા યોજાયેલી ભવ્ય પ્રભાતફેરી સાથે થયો. ઋષિકુમારોના ગગનભેદી દેશભક્તિના જયઘોષથી સમગ્ર પરિસર અને ગ્રામ્ય વાતાવરણ ગુંજી ઊઠ્યું હતું.

ત્યારબાદ મુખ્ય અતિથી વિશેષ તરીકે ઉપસ્થિત ચાંદરાણી ગામના સરપંચશ્રી ગોવિંદભાઈ તથા ગુરુકુલના સંચાલક પૂજ્ય સંતોમાં શા.સ્વામી અક્ષરપ્રિયદાસજી, પુ.સ્વામી રામાનુજદાસજી, પુ.સ્વામી રામપ્રિયદાસજી, શા.સ્વામી ઈશ્વરપ્રિયદાસજી આદિ સંતવૃંદ તથા ભુજ મંદિરના ટ્રસ્ટીશ્રી દેવજીભાઈ છાંગાના કરકમલો દ્વારા ગૌરવભેર ત્રિરંગો લહેરાવવામાં આવ્યો. ઉપસ્થિત સૌ કોઈએ રાષ્ટ્રધ્વજને સલામી આપી સામૂહિક રાષ્ટ્રગાનનું ગાન કરી ભારતમાતા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

ધ્વજવંદન પશ્ચાત ઋષિકુમારો દ્વારા દેશભક્તિથી ઓતપ્રોત સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં એકપાત્રીય અભિનય

દ્વારા ક્રાંતિવીર શ્યામજીકૃષ્ણવર્મા, સરદાર વલ્લભભાઈ પટેલ, અમર શહીદ સુખદેવ, પંડિત રામપ્રસાદ બિસ્મિલ તથા મંગલ પાંડે જેવા અપ્રતિમ સ્વાતંત્ર્ય સેનાનીઓના જીવન પ્રસંગો જીવંત કરવામાં આવ્યા હતા. આ ભાવપૂર્ણ પ્રસ્તુતિ દ્વારા વીર શહીદોના શૌર્ય, ત્યાગ, બલિદાનને હૃદયપૂર્વક અંજલિ અર્પણ કરવામાં આવી.

આ પાવન પ્રસંગે સંચાલકશ્રી શા.સ્વામી અક્ષરપ્રિયદાસજીએ આશીર્વચન પાઠવતાં જણાવ્યું કે, “સ્વતંત્રતા એ માત્ર અધિકાર નથી, પરંતુ રાષ્ટ્ર પ્રત્યેની પરમ પવિત્ર જવાબદારી છે. માતૃભૂમિની રક્ષા અને આઝાદી કાજે શહીદોએ આપેલ સર્વોચ્ચ બલિદાનને સદાય સ્મરણમાં રાખીને નવી પેઢીએ રાષ્ટ્રપ્રેમ, શિસ્ત, સેવાભાવ, સદાચાર અને કર્તવ્યનિષ્ઠાને જીવનમાં આત્મસાત્ કરવા જોઈએ.” તેમજ ચાંદરાણી ગામના સરપંચશ્રી ગોવિંદભાઈએ પણ પ્રાસંગિક ઉદ્‌બોધન આપ્યું હતું.

કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌએ રાષ્ટ્રની અખંડિતતા, એકતા અને ગૌરવને અક્ષુણ્ણ રાખવા તેમજ એક જવાબદાર નાગરિક તરીકે દેશહિતમાં સર્વોચ્ચ યોગદાન આપવાનો દૃઢ સંકલ્પ લીધો.




ઋષિકુમારો અને ગુરુકુલ પરિવારના સુચારુ સંચાલન હેઠળ યોજાયેલો આ કાર્યક્રમ પૂજ્ય સંતોના દિવ્ય આશીર્વાદ અને પ્રસાદ વિતરણ સાથે સંપન્ન થયો. આ ઉજવણી વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રસેવા અને દેશનિષ્ઠાના ઉચ્ચ સંસ્કારોનું સિંચન કરતો સાચો ‘રાષ્ટ્રોત્સવ’ બની રહ્યો.

અ - દિપકભાઈ સોની

## શ્રીસ્વામિનારાયણ મંદિર નવાગામ(દયાપર)-ભચાઉ ખાતે ભવ્ય હિંડોળા મહોત્સવનો શુભારંભ

શ્રી સ્વામિનારાયણ મંદિર નવાગામ(દયાપર), તાલુકો-ભચાઉ ખાત સંપ્રદાયની ઉજ્જવળ પરંપરા અનુસાર આ વર્ષે પણ ભવ્ય ‘હિંડોળા મહોત્સવ’નું ભક્તિસભર આયોજન કરવામાં આવ્યું હતું. શુક્રવાર તા.૩૧ જુલાઈ-૨૦૨૬ના રોજ સાંજે ૪-૦૦ થી ૮-૦૦ વાગ્યા દરમિયાન આ મહોત્સવનો શુભારંભ સમારોહ યોજાયો હતો. જેમાં ભચાઉ તથા આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહી દિવ્ય દર્શન, સંત દર્શન અને સત્સંગનો લાભ લીધો હતો.

આ પાવન પ્રસંગે શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજના ૧૦૪ વર્ષીય વડીલ સદ્‌ગુરુ સ્વામી સનાતનદાસજી વિશેષ કૃપા વરસાવીને ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે શા.સ્વામી સૂર્યપ્રકાશદાસજી, સ્વામી સત્યપ્રકાશદાસજી તથા સ્વામી વિષ્ણુસેવકદાસજી સહિતના સંતમંડળે પધારીને પોતાની અમૃતમય વાણીથી સર્વે હરિભક્તોને આશીર્વચન પાઠવ્યા હતા. સંતોના પવિત્ર હસ્તે શ્રીઠાકોરજીને ભવ્ય હિંડોળામાં બિરાજમાન કરી, ભવ્ય મહાઆરતી ઉતારીને હિંડોળા દર્શન સર્વે ભક્તો માટે ખુલ્લા મૂકવામાં આવ્યા હતા. આ અવસરે માતૃશક્તિ (બહેનો-માતાઓ) પણ મોટી સંખ્યામાં હાજર રહી કીર્તન ભક્તિથી સમગ્ર મંદિર પરિસરને ભક્તિમય વાતાવરણથી આનંદિત કર્યું હતું.

શ્રીઠાકોરજીને રાજી કરવાનો અનોખો મહિમા સમજીને સંનિષ્ઠ ભક્તજનો સર્વેશ્રી પ.ભ.ઉમેદલાલ વેલજી નિસર, પ.ભ.દામજીભાઈ કરસન ખુથિયા, બાબુભાઈ જીવા કોલી તથા રમેશ મારાજ સહિત અનેક હરિભક્તોએ અવનવા આકર્ષક અને કલાત્મક હિંડોળાઓનું નિર્માણ કર્યું હતું. આ વર્ષે ખાસ તૈયાર કરવામાં આવેલા બદ્રિકાશ્રમ હિંડોળો, છ ધામ હિંડોળો તથા



ચરણારવિંદ હિંડોળો સહિતના દિવ્ય હિંડોળાઓ હરિભક્તોના વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

આ શુભ અવસરે નવાગામ, ભચાઉ, મુંબઈ તથા આરપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી અસંખ્ય હરિભક્તો ભાઈઓ-બહેનોએ પધારીને સંતોના આશીર્વચન અને શ્રીઠાકોરજીના દર્શનનો આધ્યાત્મિક આનંદ પ્રાપ્ત કર્યો હતો.

હિંડોળા મહોત્સવ તા.૩૧ જુલાઈ ૨૦૨૬ થી ૩૧ ઓગષ્ટ ૨૦૨૬ સુધી સતત ચાલવાનો હોય, રોજબરોજ વિવિધ કલાત્મક રચનાઓ સાથે શ્રીઠાકોરજીના દિવ્ય દર્શન થવાના છે. આથી સંપ્રદાયના તમામ ભાવિક ભક્તજનોને હિંડોળા



દર્શન અને સત્સંગનો લાભ લેવા મંદિર ટ્રસ્ટી મંડળ તથા સેવકગણ દ્વારા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવે છે.

અ - પ્રવિણ નિસર-નવાગામ હાલે મુંબઈ

## શ્રીસ્વામિનારાયણ સત્સંગ ભવન - ઇન્દોર (મધ્યપ્રદેશ)

ઇન્દોર (મધ્યપ્રદેશ)માં આવેલ ભુજ મંદિર સંચાલિત શ્રીસ્વામિનારાયણ સત્સંગ ભવન ખાતે ભુજ મંદિરના મહંત સ્વામીના આશીર્વાદ અને પ્રેરણાથી હિંડોળા ઉત્સવ ખૂબ જ ધામધૂમ અને ભક્તિભાવપૂર્વક ઉજવાયો. વિવિધ સુંદર અને આકર્ષક કલાત્મક હિંડોળાના દર્શનનો લાભ હરિભક્તોએ ઉત્સાહપૂર્વક લીધો હતો.




હિંડોળા ઉત્સવ ભક્તિ, સેવા અને સમૂહભાવનાને વધુ મજબૂત બનાવવાનો પવિત્ર પ્રસંગ છે. સાથે સાથે યુવક-યુવતી મંડળ તથા બાળમંડળની પ્રવૃત્તિઓ પણ ખૂબ સારી રીતે ચાલી રહી છે. સૌ યુવાનો, બહેનો અને બાળકો ઉત્સાહપૂર્વક સત્સંગ સભા અને વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં જોડાઈ રહ્યા છે. ખાસ આનદની વાત એ છે કે, સભામાં હરિભક્તોની હાજરી પણ ખૂબ જ સારી રહે છે. અને દિવસે ને દિવસે સત્સંગ પ્રત્યેનો ઉત્સાહ તથા જોડાણ વધતું જોવા મળી રહ્યું છે. યુવક-યવતી અને બાળ મંડળ જેવી પ્રવૃત્તિઓ દ્વારા નવી પેઢીને સત્સંગ અને સંસ્કારો સાથે જોડવાનું સુંદર કાર્ય થઈ રહ્યું છે. આ સમગ્ર કામગીરીમાં સત્સંગ ભવન સંચાલક

સમિતિના સંતો તથા હરિભક્તો, યુવક-યુવતી મંડળના કાર્યકરો તથા સૌ સભ્યો ખૂબ જ ભાવપૂર્વક સેવા આપી રહ્યા છે.

શ્રીનરનારાયણદેવની કૃપા અને સંતોના આશીર્વાદથી ઈન્દોરમાં સત્સંગની પ્રવૃત્તિઓ ઉત્તરોત્તર વધે, વધુ ને વધુ હરિભક્તો જોડાય અને યુવક-યુવતી તથા બાળ મંડળ ખૂબ જ પ્રગતિ કરે એવા આશીર્વાદની અપેક્ષાસહ જય શ્રીસ્વામિનારાયણ

અ-કિશોરભાઈ પોકાર-ઈન્દોર

## શ્રીસ્વામિનારાયણ સત્સંગ ભવન - નડિયાદ

મધ્ય ગુજરાતના વડતાલ નજીકના નડિયાદ ગામમાં ભુજ મંદિર સંચાલિત શ્રીસ્વામિનારાયણ સત્સંગ ભવન ખાતે ભુજ મંદિરના મહંત સ્વામીના આશીર્વાદ અને પ્રેરણાથી હિંડોળા ઉત્સવ તથા તા.૧૫ મી ઓગષ્ટનો રાષ્ટ્રીય પર્વ ખૂબ જ ધામધૂમથી ઉજવાયો હતો. અત્યારે નડિયાદમાં ભક્તિભાવપૂર્વક ઉજવાયો. વિવિધ સુંદર અને આકર્ષક કલાત્મક હિંડોળાના દર્શનનો લાભ હરિભક્તોએ ઉત્સાહપૂર્વક લીધો હતો.



હિંડોળા ઉત્સવ ભક્તિ, સેવા અને સમૂહભાવનાને વધુ મજબૂત બનાવવાનો પવિત્ર પ્રસંગ છે. સાથે સાથે યુવક-યુવતી મંડળ તથા બાળમંડળની પ્રવૃત્તિઓ પણ ખૂબ સારી રીતે ચાલી રહી છે. સૌ યુવાનો, બહેનો અને બાળકો ઉત્સાહપૂર્વક સત્સંગ સભા અને વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં જોડાઈ રહ્યા છે. ખાસ આનદની વાત એ છે કે, સભામાં હરિભક્તોની હાજરી પણ ખૂબ જ સારી રહે છે. અને દિવસે ને દિવસે સત્સંગ પ્રત્યેનો ઉત્સાહ તથા જોડાણ વધતું જોવા મળી રહ્યું છે. યુવક-યવતી અને બાળ મંડળ જેવી પ્રવૃત્તિઓ દ્વારા નવી પેઢીને સત્સંગ અને સંસ્કારો સાથે જોડવાનું સુંદર કાર્ય થઈ રહ્યું છે. આ સમગ્ર કામગીરીમાં સત્સંગ ભવન સંચાલક સમિતિના સંતો તથા હરિભક્તો, યુવક-યુવતી મંડળના કાર્યકરો તથા સૌ સભ્યો ખૂબ જ ભાવપૂર્વક સેવા આપી રહ્યા છે.

શ્રીનરનારાયણદેવની કૃપા અને સંતોના આશીર્વાદથી નડિયાદમાં સત્સંગની પ્રવૃત્તિઓ ઉત્તરોત્તર વધે, વધુ ને વધુ હરિભક્તો જોડાય અને યુવક-યુવતી તથા બાળ મંડળ ખૂબ જ પ્રગતિ કરે એવા આશીર્વાદની અપેક્ષાસહ જય શ્રીસ્વામિનારાયણ

અ-હરેશભાઈ પોકાર-નડિયાદ

## શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ શાળામાં ગુરુપૂર્ણિમા પ્રસંગે સંસ્કૃત કક્ષનું લોકાર્પણ કરવામાં આવ્યું

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શ્રીઘનશ્યામ એકેડમી અંગ્રેજી માધ્યમ અને શ્રીઘનશ્યામ વિદ્યાલય ગુજરાતી માધ્યમ શાળામાં ગુરુપૂર્ણિમા દિવસની ગુરુપૂજન અને સંસ્કૃત કક્ષ લોકાર્પણ કરીને ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં સૌ પ્રથમ સ્વાગત પ્રવચન રોનક રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સંચાલક સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજી, સ્વામી નૌતમપ્રકાશદાસજીનું ભાવપૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કાર્યક્રમના અતિથિ વિશેષ







તરીકે કચ્છ યુનિવર્સીટીમાંથી પધારેલ શ્રી ડો.ધર્મેન્દ્ર બકરાણીયા સાહેબ (અધ્યક્ષ શિક્ષણ વિભાગ), શ્રીકશ્યપ ત્રિવેદી સાહેબ (અધ્યક્ષ સંસ્કૃત વિભાગ), શ્રી ડો.પંકજ ઠાકર સાહેબનું સ્વાગત-પૂજન કરવામાં આવ્યું હતું. સાથે શાળાના સર્વે શિક્ષકો અને આચાર્યશ્રી અને ટ્રસ્ટીગણનું પૂજન શાળાના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્વામી ધર્મચરણદાસજી દ્વારા શિક્ષણમાં સંસ્કૃત સાથે સંસ્કૃતિ અને સંસ્કારના સમન્વયની વાત જણાવી હતી. શ્રીકશ્યપ ત્રિવેદી સાહેબ દ્વારા સંસ્કૃત કક્ષની ઉપયોગિતાની વાત વિદ્યાર્થીઓને જણાવી હતી. ડો.ધર્મેન્દ્ર બકરાણીયા સાહેબ દ્વારા જીવનમાં ગુરુના મહત્ત્વની વાત જણાવી હતી. શાળા દ્વારા તૈયાર કરાયેલ સંસ્કૃત સુભાષિતની બૂકનું વિમોચન પણ આ પ્રસંગે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને અનુલક્ષીને વિદ્યાર્થીઓએ નૃત્ય અને સંસ્કૃત સમૂહગીતની પ્રસ્તુતિ કરી હતી.

કાર્યક્રમના અંતે શાળામાં તૈયાર કરેલ નવિન સંસ્કૃત કક્ષનું ઉદ્ઘાટન ગુરુકુળના સંચાલક સંતગણ, શાળા ટ્રસ્ટીશ્રીઓ અને પધારેલા મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. અને સૌ સંસ્કૃત કક્ષની મુલાકાત લઈને શાળાની પ્રવૃત્તિને બિરદાવી હતી. આ કાર્યક્રમમાં શાળાના સંચાલક સંતગણ, ટ્રસ્ટીશ્રીઓ નવિનભાઈ પાંચાણી, શિવજીભાઈ વેકરીયા, મુકેશભાઈ વેકરિયા, સંચાલક સંજય ટાંક અને રોનક રાવલ, અંગ્રેજી માધ્યમના આચાર્યાશ્રી રિદ્ધિબેન રાવલ, ગુજરાતી માધ્યમના આચાર્યશ્રી પંકજ રાજગોર સાથે શાળાના સર્વે શિક્ષકો જોડાયા હતા. સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન દિવ્યેશ મોઢ દ્વારા અને આભારવિધિ પંકજ રાજગોર દ્વારા કરવામાં આવી હતી.

## સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયામાં શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપરના વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં કૌવત દાખવ્યું

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શ્રીઘનશ્યામ વિદ્યાલય ગુજરાતી માધ્યમ શાળાના વિદ્યાર્થીઓએ SGFI આયોજિત વિવિધ રમતોમાં શ્રેષ્ઠ દેખાવ કરીને વિવિધ સિદ્ધિઓ હાંસલ કરી છે. જેમાં શાળાના વિદ્યાર્થી મયુર અરવિંદભાઈની અંડર-૧૭ ક્રિકેટ સ્પર્ધામાં

રાજ્યકક્ષાએ પસંદગી, આહિર તરૂણ લાંબીકૂદ સ્પર્ધામાં તાલુકા કક્ષાએ પ્રથમ, ગોહિલ મહિપાલસિંહ ગોળાફેંકમાં તાલુકા કક્ષાએ દ્વિતીય, આહિર હર્ષદ કુસ્તીની સ્પર્ધામાં જિલ્લાકક્ષાએ પ્રથમ, જાડેજા વિરેન્દ્રસિંહ કુસ્તીમાં દ્વિતીય, જાડેજા રઘુવીરસિંહ કુસ્તીમાં દ્વિતીય અને હિરાણી જીત કુસ્તીમાં દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યો હતો.




રમત-ગમત ક્ષેત્રે આ સિદ્ધિ બદલ શાળા સંચાલક મંડળ વતી સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજી, સર્વે ટ્રસ્ટીગણ, શાળા આચાર્યશ્રી પંકજ રાજગોર, રિદ્ધિબેન રાવલ, સંજય ટાંક, સર્વે શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓની આ સિદ્ધિને બિરદાવીને સર્વે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શાળામાં ૮૦ મા સ્વાતંત્ર્ય દિવસની હોંશભેર ઉજવણી કરવામાં આવી

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શ્રીઘનશ્યામ એકેડમી અંગ્રેજી માધ્યમ અને શ્રીઘનશ્યામ વિદ્યાલય ગુજરાતી માધ્યમ શાળામાં ૮૦ મો સ્વાતંત્ર્ય દિવસ ૧૫ ઓગષ્ટ ૨૦૨૬ ના રોજ ઉત્સાહ અને દેશભક્તિના માહોલ સાથે ઉજવવામાં આવ્યો હતો. સ્વાતંત્ર્ય દિવસના ઉપલક્ષ્યમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ત્રિરંગા યાત્રા સાથે ગામ લોકોને ત્રિરંગા વિતરણ કરવામાં આવ્યું. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ આધારિત વેશભૂષા, સમૂહગીત અને સમૂહનૃત્યની રજૂઆત કરવામાં આવી હતી. સ્વામી ધર્મચરણદાસજી દ્વારા વિકસિત ભારત ૨૦૪૭ અંતર્ગત દેશના યુવાનોના કાર્યની સમજ આપી હતી. પંકજ રાજગોર દ્વારા વંદમાતરમ્ ગીતના ૧૫૦ વર્ષ પૂર્ણ થયાની વાત કરવામાં આવી હતી. રિદ્ધિબેન રાવલ દ્વારા દેશપ્રેમની વાત કરવામાં આવી હતી.



આ કાર્યક્રમમાં શાળા સંચાલક મંડળ વતી સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજી, સર્વે ટ્રસ્ટીગણ, શાળા આચાર્યશ્રી પંકજ રાજગોર, રિદ્ધિબેન રાવલ, સંચાલક રોનક રાવલ, સંજય ટાંક અને સર્વે શિક્ષકો આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. સંચાલન દિવ્યેશ મોઢ દ્વારા કરવામાં આવ્યું હતું.

## શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ મધ્યે વિશેષ હીંડોળા ઉત્સવનું ઉદ્ઘાટન - ગાંધીધામ







## રામપર-વેકરા શ્રીહરિ વિદ્યામંદિરમાં ગુરુપૂર્ણિમા પર્વની ઉજવણી

શ્રીહરિ વિદ્યામંદિર રામપર-વેકરામાં અષાઢી પૂર્ણિમાના પાવન અવસરે ગુરુપૂર્ણિમા પર્વની ભક્તિભાવ, શ્રદ્ધા અને ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું સ્થાન સર્વોચ્ચ માનવામાં આવે છે. ગુરુ જ જ્ઞાન, સંસ્કાર અને સદાચારના પ્રેરક બની જીવનને સાચી દિશા આપે છે. આ મહાન પરંપરાનું સ્મરણ કરાવતો આ કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયી અને સંસ્કારપ્રદ બની રહ્યો.

કાર્યક્રમનો પ્રારંભ પ્રાર્થના અને વંદના સાથે કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પુ.સ્વામી દિવ્યમુનિદાસજી, પુ.સ્વામી સત્યજીવનદાસજી તથા સ્વામી શ્યામચરણદાસજીના પાવન હસ્તે શ્રીઠાકોરજીનું વિધિવત્ પૂજન કરવામાં આવ્યું હતું. અનુસંધાને સંતો તથા શિક્ષકોનું પૂજન કરીને વિદ્યાર્થીઓએ ગુરુ પ્રત્યેની કૃતજ્ઞતા, આદર અને સમર્પણભાવ વ્યક્ત કર્યો હતો.

વિદ્યાર્થીઓ દ્વારા ગુરુમહિમા વિષય પર સુંદર અને પ્રેરણાદાયી વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું અનન્ય સ્થાન અને ગુરુના માર્ગદર્શનથી જીવનમાં આવતાં પરિવર્તનોનું સુંદર નિરૂપણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત વિશ્વવિખ્યાત ક્રિકેટર વિરાટ કોહલીના જીવનમાં તેમના ગુરુઓ (કોચ) અને માર્ગદર્શકોના યોગદાન અંગે રસપ્રદ માહિતી રજૂ કરીને વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું હતું કે જીવનના દરેક ક્ષેત્રમાં સફળતા માટે યોગ્ય ગુરુ અને માર્ગદર્શન અનિવાર્ય છે.

ત્યારબાદ વિદ્યાર્થીઓએ મહાભારતના એકલવ્યના જીવન પ્રસંગ પર આધારિત નાટ્યરૂપ રજૂઆત કરી હતી. આ નાટક દ્વારા ગુરુભક્તિ, સમર્પણ, આજ્ઞાપાલન અને શ્રદ્ધાનો હૃદયસ્પર્શી સંદેશ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો, જેને સૌએ ખૂબ જ ભાવવિભોર થઈને નિહાળ્યો હતો.

પ્રસંગાનુસાર પૂ. સ્વામી દિવ્યમુનિદાસજીએ આશીર્વચન આપતાં જણાવ્યું હતું કે, ગુરુ માત્ર જ્ઞાન આપનાર નથી, પરંતુ જીવનને ઘડનાર દિવ્ય શક્તિ છે. ગુરુના ઉપદેશોનું જીવનમાં પાલન કરીને જ સાચા અર્થમાં શિક્ષણ અને સંસ્કારનું



ફળ પ્રાપ્ત થાય છે. તેમણે વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે સદાચાર, શિસ્ત, સેવા, વિનમ્રતા અને ભક્તિના ગુણો કેળવવા પ્રેરણા આપી હતી.

આ પ્રસંગે શાળાના વ્યવસ્થાપકશ્રી વિનોદભાઈ હાલાઈ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના વિદ્યાર્થી ઠુમર રુદ્ર દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે આભારવિધિ નિરવભાઈ હાલાઈએ કરી હતી.

કાર્યક્રમની સુંદર આયોજન વ્યવસ્થા કાજલબેન, કંચનબેન, તથા ઉર્વશીબેનના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્ણ સહયોગ અને સંતોના આશીર્વાદથી સમગ્ર વાતાવરણ ભક્તિમય, સંસ્કારમય અને પ્રેરણામય બની રહ્યું હતું.



ગુરુપૂર્ણિમા પર્વની આ ઉજવણી વિદ્યાર્થીઓના હૃદયમાં ગુરુ પ્રત્યેની અડગ શ્રદ્ધા, કૃતજ્ઞતા અને સદાચારમય જીવન જીવવાની પ્રેરણા પ્રગટાવનારી બની રહી.

અ - સ્વામી શ્યામચરણદાસજી.

## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓ કુસ્તીમાં જિલ્લા કક્ષાએ તમામ વિભાગોમાં વિજેતા ૨૧ સુવર્ણ અને ૮ રજત ચંદ્રકો મેળવી અવ્વલ

રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ભુજ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાની કુસ્તી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંડર-૧૪-૧૭-૧૯ એમ ત્રણે વિભાગની અલગ અલગ વજનની ગ્રુપ સ્પર્ધામાં ભાગ લઈ શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓ સમગ્ર જિલ્લામાં ૨૧ પ્રથમ નંબરે (ગોલ્ડ મેડલ) અને ૮ દ્વિતીય નંબરે (સિલ્વર મેડલ) આમ કુલ્લ ૨૯ મેડલ પ્રાપ્ત કરી સંસ્થાનું નામ ગૌરવવંતુ કરી જવલંત સફળતા પ્રાપ્ત કરેલ છે. જે હવે રાજ્ય કક્ષાએ કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

દીકરીઓના પ્રશંસનીય પ્રદર્શન બદલ ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના પૂજ્ય મહંત સ્વામી, સમસ્ત સંત મંડળ, સાં.યો.મહંત સામબાઈ ફઈ સહ સમસ્ત સાં.યો.બહેનોએ અંતરના રૂડા આશીર્વાદ સહ શુભેચ્છાઓ પાઠવેલ છે. સાથે મંદિરનું ટ્રસ્ટી મંડળ, સંસ્થા પ્રમુખ રામજીભાઈ વેકરીયા, મંત્રી પ્રવિણભાઈ પિંડોરીયા, સંચાલક મંડળ, સંસ્થાના આચાર્યા દક્ષાબેન પિંડોરીયા, કોચ રશ્મિતાબેન સહ સ્ટાફ પરિવાર તેમજ દેશ-વિદેશના હરિભક્તો દ્વારા અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે.

## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓ પર ચંદ્રકોની વર્ષા જૂડોમાં જિલ્લા કક્ષાએ તમામ વિભાગોમાં ૧૭ સુવર્ણ અને ૪ રજત ચંદ્રકો મેળવ્યા



રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ભુજ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાની જૂડો સ્પર્ધાનું આયોજન ભુજ ખાતે કરાયું હતું. જેમાં અંડર-૧૪-૧૭-૧૯ એમ ત્રણે વિભાગમાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓ સમગ્ર જિલ્લામાં ૧૭ પ્રથમ નંબરે (ગોલ્ડ મેડલ) અને ૪ દ્વિતીય નંબરે (સિલ્વર મેડલ) આમ કુલ્લ ૨૧ મેડલ પ્રાપ્ત કરી સંસ્થાનું નામ ગૌરવવંતુ કરી જવલંત સફળતા પ્રાપ્ત કરેલ છે. જે હવે રાજ્ય કક્ષાએ કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્ત્વ કરશે.

## વોલીબોલમાં સપાટો ૧૪-૧૭-૧૯ ત્રણેય મોરચે ઝળહળતી જીત - સુવર્ણ ચંદ્રકો પ્રાપ્ત



રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ભુજ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાની વોલીબોલ સ્પર્ધાનું આયોજન ભુજ ખાતે કરાયું હતું. જેમાં અંડર-૧૪-૧૭-૧૯ એમ ત્રણે વિભાગમાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓ સમગ્ર જિલ્લામાં પ્રથમ નંબરે (ગોલ્ડ મેડલ) પ્રાપ્ત કરી સંસ્થાનું નામ ગૌરવવંતુ કરી જવલંત સફળતા પ્રાપ્ત કરેલ છે. જે હવે રાજ્ય કક્ષાએ કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્ત્વ કરશે.

## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓનો બની યોગાસન મહારથી જિલ્લા કક્ષાએ તમામ વિભાગોમાં ૧૦ સુવર્ણ, ૨ રજત અને ૩ કાંસ્ય ચંદ્રકો પ્રાપ્ત

રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ભુજ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાની યોગાસન સ્પર્ધાનું આયોજન ભુજ ખાતે કરાયું હતું. જેમાં અંડર-૧૪-૧૭-૧૯ એમ ત્રણે વિભાગમાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓ સમગ્ર જિલ્લામાં ૧૦ પ્રથમ નંબરે (ગોલ્ડ), ૨ દ્વિતીય (રજત) અને ૩ તૃતીય (કાંસ્ય) મેડલ આમ કુલ્લ ૧૫ મેડલ પ્રાપ્ત કરી સંસ્થાનું નામ ગૌરવવંતુ કરી જવલંત સફળતા પ્રાપ્ત કરેલ છે. જે હવે રાજ્ય કક્ષાએ કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્ત્વ કરશે.



ઉપરોક્ત કાર્યક્રમમાં દીકરીઓના પ્રશંસનીય પ્રદર્શન બદલ ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના પૂજ્ય મહંત સ્વામી, સમસ્ત સંત મંડળ, સાં.યો.મહંત સામબાઈ ફઈ સહ સમસ્ત સાં.યો.બહેનોએ અંતરના રૂડા આશીર્વાદ સહ શુભેચ્છાઓ પાઠવેલ છે. સાથે મંદિરનું ટ્રસ્ટી મંડળ, સંસ્થા પ્રમુખ કાનજીભાઈ મેપાણી, મંત્રી પ્રવિણભાઈ પિંડોરીયા, સંચાલક મંડળ, સંસ્થાના આચાર્યા દક્ષાબેન પિંડોરીયા, કોચ રશ્મિતાબેન સહ સ્ટાફ પરિવાર તેમજ દેશ-વિદેશના હરિભક્તો દ્વારા અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે.

## શ્રીસ્વામિનારાયણ વિદ્યાલય ભુજ ૧૫ મી ઓગષ્ટ-૨૦૨૬ ૮૦ મો સ્વાતંત્ર્ય દિવસ ઉજવાયો



૮૦ માં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે સંચાલક શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજીના વરદ્ હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયેલ હતો. આ પ્રસંગે સંસ્થાના સંચાલક સ્વામી અક્ષરમુકતદાસજી, સ્વામી ધર્મવિહારીદાસજી, સ્વામી બ્રહ્મવિહારીદાસજીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

કેળવણી મંડળના મંત્રીશ્રી જગદીશભાઈ વાઘાણીએ વિદ્યાર્થીઓને સંબોધન આપતા ભાવિ પેઢીને દેશની દોરવણી ભવિષ્યમાં કરવાની હાકલ કરી, ત્યારે ભાવનગર જિલ્લાના વિદ્યાર્થીએ ડોકટર બનવાની સફરમાં પડેલી પ્રતિકૂળતાની વાત કરી, વિદ્યાર્થીઓને દેશ માટે કંઈક કરી છૂટવાની પ્રેરણા આપી.

આચાર્ય સુરેશભાઈ પટેલ પધારેલા સંતો, ટ્રસ્ટીશ્રીઓને આવકારતા વિદ્યાર્થીઓને સ્વાતંત્ર્ય દિનની શુભેચ્છા આપી હતી. આજની નવી પેઢી ખૂબ જ બુદ્ધિશાળી છે. દેશ સેવામાં સમર્પિત રહે તેવી નેમ કરી હતી.

સ્વામી ધર્મવિહારીદાસજીએ વિદ્યાર્થીઓને સંબોધિત કરતાં દેશદાઝ કેળવીને મેળવેલ સ્વાતંત્ર્યને વધુ ગાઢ બનાવીએ તેવું જણાવ્યું હતું. આ સાથે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં સાયબર સુરક્ષા જાગૃતિ વિશે નાટિકા, વક્તવ્ય, દેશભક્તિ સાથેનું પીરામિડ નૃત્ય તથા દેશભક્તિના રંગે રંગાયેલું મ્યુઝીકલ પેરોડી પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા ઉપપ્રમુખશ્રી ડો.લક્ષ્મણભાઈ હિરાણી, ટ્રસ્ટીશ્રી વિનોદભાઈ શીયાણી, મનજીભાઈ મેપાણી, કેળવણી મંડળના પૂર્વપ્રમુખશ્રી કે.કે.હિરાણી તથા દિનેશભાઈ કે હાલાઈ ઉપસ્થિત રહ્યા હતા.

આભારવિધિ વિજ્ઞાનપ્રવાહના આચાર્યશ્રી કલ્પેશભાઈ પટેલ તથા સંચાલન હરેશનાથ નાથબાવા દ્વારા કરવામાં આવ્યું હતું.

# સત્સંગ સમાચાર વિદેશ

## શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ મેલબોર્ન ઓસ્ટ્રેલિયા ખાતે મંદિરનો વાર્ષિક પાટોત્સવ તથા સ્વતંત્રતા દિવસની ઉજવણી



શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ-મેલબોર્ન ખાતે ભારતના ૮૦ માં સ્વતંત્રતા દિવસની ખૂબ જ ઉત્સાહ-ઉમંગ અને દેશભક્તિપૂર્ણ વાતાવરણમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન અવસરે નાના બાળકો, યુવકો-યુવતીઓ, બહેનો તથા ભાઈઓ સહિત તમામ વયજૂથના હરિભકતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન દેશભક્તિ ગીતો, નૃત્યો, વેશભૂષા, સંવાદ અને વિવિધ સાંસ્કૃતિક રજૂઆતો દ્વારા ભારતની આઝાદી માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરનાર મહાન સ્વાતંત્ર્ય સેનાનીઓને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

બાળકોની નિર્દોષ અને

ઉત્સાહભરી રજૂઆતો, યુવક-યુવતીઓના આકર્ષક દેશભક્તિ નૃત્યો તેમજ વડીલો અને અન્ય હરિભક્તોની સક્રિય ભાગીદારીએ સમગ્ર કાર્યક્રમને યાદગાર બનાવી દીધો હતો. ભારતીય તિરંગાના રંગોથી શણગારાયેલા મંદિર પરિસરમાં દેશપ્રેમ અને રાષ્ટ્રીય ગૌરવનો અનોખો માહોલ સર્જાયો હતો.

વિદેશની ધરતી પર રહીને ભારતીય સંસ્કૃતિ, રાષ્ટ્રીય એકતા અને દેશપ્રેમના મૂલ્યોને નવી પેઢી સુધી પહોંચાડવાનો સુંદર સંદેશ આ કાર્યક્રમ દ્વારા આપવામાં આવ્યો હતો. સાથે શ્રીસ્વામિનારાયણ ભગવાનના પાવન સાંનિધ્યમાં ધર્મ, સંસ્કાર અને દેશપ્રેમનું અદ્‌ભુત સમન્વય જોવા મળ્યો હતો.

કાર્યક્રમના અંતે તમામ આયોજકો, સેવકો, કલાકારો, બાળકો, યુવક-યુવતીઓ તથા સહભાગી હરિભક્તોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ સુંદર આયોજન માટે તમામ આયોજકો અને સહભાગીઓ અભિનંદનને પાત્ર છે.

અ - અતુલભાઈ મેલબોર્ન-ઓસ્ટ્રેલિયા

# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

## ભગવાનની શોધમાં - ૨

બાળ મિત્રો! જય સ્વામિનારાયણ, ગત અંકમાં જે બાળકની વાત આપણે વાંચી તે આગળ વાંચીએ કે એ બાળકનું આગળ કેમ થયું. વાત વાંચીને આપણે કંઈક શીખીએ.

વાતો કરતાં કરતાં મહારાજ અને છોકરો આગળ ચાલ્યા જતા હતા. ત્યાં અચાનક રસ્તામાં સામે એક ભયંકર સિંહ આવી ગયો. વર્ણિરાજ મનુષ્યલીલા કરતાં થોડો ડર બતાવ્યો અને ત્યાં જ ઊભા રહી ગયા. તેમની સાથે તે છોકરો પણ ગભરાઈને મહારાજની પાછળ સંતાઈને ઊભો રહ્યો.

મહારાજે પ્રેમથી કહ્યું : "બેટા! મેં તને પહેલાં જ પાછા જવાનું કહ્યું હતું, પણ તું માન્યો નહીં. હવે જો આ સિંહ આપણને બન્નેને ખાઈ જાશે તો મારું તો કોઈ રોનાર પાછળ છે નહીં. પરંતુ તને કંઈ થશે તો તારી મા અને તારી બહેન ખૂબ દુઃખી થશે, તારી રાહ જોશે અને રડશે. એટલે તું અત્યારે જ અહીંથી ભાગી જા. હું અહીં ઊભો છું એટલે સિંહ તારી તરફ નહીં આવે." આમ કહ્યું તો પણ તે છોકરો વર્ણિરાજને મૂકીને જવા તૈયાર થયો નહીં. તેનો મહારાજ પ્રત્યેનો પ્રેમ અને વિશ્વાસ એટલો દૃઢ હતો કે તે ત્યાં જ ઊભો રહ્યો. છેવટે વર્ણિરાજે પોતાની દિવ્ય શક્તિથી સિંહને સમાધિ કરાવી દીધી. ખુલ્લી આંખે સમાધિમાં સ્થિર થઈને વર્ણિની સામે જ ઊભો થઈ ગયો.

વર્ણિરાજ કહે : "છોકરા! હવે આપણે શું કરીશું ? સામે તો સિંહ આવી ઊભો છે." છોકરાએ કહ્યું : "હે મહારાજ ! તમે તો ઈશ્વરના પણ ઈશ્વર છો. સિંહને તમે શાંત કરી દીધો, તે જોઈને હું તમને ભગવાન માનું છું." આ સાંભળીને વર્ણિરાજે છોકરાને કહ્યું : "તું મને ખરેખર ભગવાન માને છે ?" છોકરાએ જવાબ આપ્યો : "હા મહારાજ ! હું તમને સાચે ભગવાન માનું છું. કારણ કે તમે સિંહને સમાધિ કરાવીને શાંત કરી દીધો. ભગવાન સિવાય આવું કોઈ કરી શકે નહીં." વર્ણિરાજે કહ્યું : "જો તું મને ભગવાન માને છે, તો હું જે કહું તે તું કરીશ?" છોકરાએ તરત કહ્યું : "હા, મહારાજ! તમે જે કહો તે હું કરીશ."

ત્યારે વર્ણિરાજે કહ્યું : "જો તું મને ભગવાન માનતો હોય, તો જા, આ સિંહ ઊભો છે, તેને તારા હાથની આંગળી અડાડી આવ." છોકરો થોડો ગભરાયો. તેણે કહ્યું : "મહારાજ! હું આંગળી અડાડું અને સિંહ મને ખાઈ જાય તો?" વર્ણિરાજે કહ્યું : "તું તો કહે છે કે હું તમને ભગવાન જાણું છું. તો પછી મારો વિશ્વાસ કેમ નથી કરતો?" જો સાચે જ મને ભગવાન માનતો હોય, તો ડર્યા વગર જા." છોકરાએ કહ્યું : "હવે મને સંપૂર્ણ વિશ્વાસ છે." એમ કહીને તે ધીમે ધીમે બીતો બીતો સિંહ પાસે ગયો. તે સિંહને હાથની આંગળી અડાડી અને તરત પાછો આવી ગયો. પછી

વર્ણિને કહ્યું : "મહારાજ! મેં સિંહને આંગળી અડાડી આવ્યો."

વર્ણિરાજે કહ્યું : "આમાં શું મોટું કામ થયું ? તું સિંહના મોઢામાં કોણી સુધી હાથ નાખી આવ તો માનું કે મારી ઉપર તને સાચો વિશ્વાસ છે" છોકરો કહે : "જો હું સિંહના મોઢામાં હાથ નાખું તો સિંહ મને તરત જ ખાઈ જાય." ત્યારે વર્ણિરાજે કહે : "અમારા વચન પર વિશ્વાસ રાખીને જા. સિંહ તને કંઈ નહીં કરે." ત્યારે ફરી છોકરો બીતો બીતો સિંહ પાસે ગયો ને કોણી સુધીનો હાથ સિંહના મોઢામાં નાખીને પાછો તરત વર્ણિ પાસે આવી ગયો. વર્ણિરાજે કહ્યું : "એમ નહિ ચાલે. હજુ એકવાર સિંહની આંખમાં તારી આંગળી મૂકી આવ, તો બરાબર કહેવાય." છોકરો કહે : "સિંહની આંખમાં આંગળી નાખું તો એ જાગી નહિ જાય મહારાજ ? જાગી જાય તો મને ખાઈ જાય."

વર્ણિરાજ કહે : " અમારે વચને તું બે વાર જઈ આવ્યો પણ સિંહે તને કઈ ન કર્યું તમે હજુ પણ કંઈ નહિ કરે." છોકરો નિડરતાથી ફરી સિંહ પાસે ગયો. તેણે સિંહની આંખમાં આંગળી મૂકીને તત્કાળ વર્ણિ પાસે આવી ગયો.

પછી વર્ણિરાજ ફરી કહ્યું : "છોકરા, તું અમને ભગવાન માને છે." છોકરાએ કહ્યું : "હા, વર્ણિરાજે કહ્યું : "જો તું અમને ભગવાન માનતો હોય તો અમારી આજ્ઞાથી હવે ઘરે પાછો જા. તારી મા અને બહેનને મળીને, રજા લઈને આવ. અને અમે અહીંથી પશ્ચિમ દેશમાં જઈએ છીએ. ત્યાં તું અમને મળજે."

છોકરો કહે : "પણ મારી મા મને પૂછશે તો હું શું કહું ?" વર્ણિરાજ કહ્યું : "તારી મા પૂછે તો કહે જે, રજા આપો તો બાવાને તેડીને હું પાછો આવીશ. અને મા તમે એ વર્ણિને અંતરમાંથી થોડીવાર પણ ભૂલશો નહિ. અખંડ યાદ કરે. એમ તારી માને કહેજે."

છોકરો તેની મા પાસે ગયો. ત્યારે તેની માતાએ પૂછ્યું : "બેટા ! વર્ણિ કયાં ગયા ? પાછા લઈને કેમ ન આવ્યો?" છોકરાએ જવાબ આપ્યો : "મા! તમે તે વર્ણિને ક્યારેય ભૂલ જો નહી." આ સાંભળીને ડોસી રડી પડયાં. તેમણે કહ્યું : "હું વર્ણિને મારા હૃદયમાં હંમેશાં યાદ રાખીશ. પરંતુ તું ફરી જા અને વર્ણિને પાછા ઘેર લઈને આવજે. તેમને લાવ્યા વિના પાછો આવતો નહિ." ત્યારે છોકરાએ કહ્યું : "મા! હું જરૂર વર્ણિને લઈને આવીશ. પરંતુ તેઓ મને કેટલા દિવસે મળે ને પાછા લાવું, તે હું કહી શક્તો નથી."

ત્યારે છોકરાની મા કહે : "જ્યારે તે વર્ણિ મળે ત્યારે તું તેમને લઈને જ આવજે." છોકરો કહે : "ભલે મા, હું તેડવા જઈશ, પણ મને રસ્તામાં જમવા ટીમણ જોઈશે." માએ તરત ટીમણ કરી આપ્યું. છોકરો કહે : "આ જમવાનું ખાલી થઈ જાય પછી હું રસ્તામાં જમવાનું કેમ કરું ?" ત્યારે છોકરાની મા કહે : "રસ્તામાં જે જે ગામ આવે તે તે ગામમાં એ વર્ણિની પૂછા કરજે. ને જ્યારે ટીમણ ખાલી થઈ રહે. ત્યારે એ વર્ણિને સાંભળીને ગામમાં ભિક્ષા માગીને જમી લેજે, તે વર્ણિના પ્રતાપે જમવામાં કે અન્ય કોઈ રીતે દુઃખ નહિ આવે." આ પ્રમાણે ડોસીએ કહ્યું. પછી ફરીથી તે છોકરો વર્ણિની શોધમાં ઘરથી નીકળ્યો. - ક્રમશઃ

## પૃથ્વી વિશે જાણવા જેવું

★ પૃથ્વી પોતાની ધરી પર દર કલાકે એક હજાર માઈલની ગતિથી ફરે છે. આ ગતિ જો ૧૦૦ માઈલ-કલાકે થઈ જાય, તો દિવસ-રાત દસ ગણા લાંબા થઈ જાત અને દિવસે સૂર્યની પ્રખર ગરમીથી વનસ્પતિ બળી જાત અને બચેલાં અંકુરો પણ રાત્રે સુકાઈ જાત.

★ સૂર્ય અને પૃથ્વીના અંતર વચ્ચે જરાક પણ વધઘટ થાય, તો પણ માનજીવન અશકય બની જાય.

★ પૃથ્વી પોતાની ધરી પર ૨૩ અંશ વાકી છે. જેથી ઋતુઓ થાય છે. જો આમ ન હોત, તો સમુદ્રની વરાળ ઉત્તર અને દક્ષિણ તરફ જઈ બરફના મહાદ્વીપો બનાવી દેત.

★ ચંદ્ર અને પૃથ્વીનું અંતર ફક્ત ૫૦ હજાર માઈલ વધે, તો સમુદ્રમાં પ્રચંડ ભરતી-ઓટ આવી ને આખી પૃથ્વી બે વાર પાણીમાં ડૂબી જાય ને પહાડો ધોવાઈ જાય.

## -: શબ્દ રચના :-

મિત્રો, આપણા ભારત દેશમાં બાર જ્યોતિર્લિંગ આવેલા છે. યાત્રા કરવા જાતા ભક્તો એમના દર્શન કરી આનંદનો અનુભાવ કરે છે. એ જ્યોતિર્લિંગના બાર નામો નીચે આપેલા ખાલી ખાનામાં ગોઠવો.




## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧- કરસનભાઈ ઝીણાભાઈ જેસાણી ધ.પ.અ.નિ.રતનબાઈ, સુત ભીમજીભાઈ ધ.પ.ધનબાઈ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૨૫૧- નિતીન હીરજી વરસાણી, હ હીરજી કરસન વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - નારાણપર-રાવરી હાલે-યુ.એસ.એ. (અમેરિકા)

૧૮૦૧- પ્રેમવતી વાસ્તુ, હસ્તે રાજેશ માવજી નીસર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બોરીવલી-મુંબઈ

૫૦૦- સહજ અશ્વિનભાઈ વાઘેલા જન્મદિવસ નિમિત્તે હસ્તે અશ્વિનભાઈ બાબુભાઈ વાઘેલા શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - ભાવનગર

૧૫૦૦- ક્રિશ ભરત મેપાણી, રયન ભરત મેપાણી હસ્તે દાદા મનજી નાથા મેપાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - સુખપર હાલે-લંડન

૧૦૦૦- શારદાબેન ગોવિંદભાઈ પોકાર નવું સોલાર કનેકશન લીધું તે નિમિતે, હસ્તે ગોવિંદભાઈ - નડિયાદ

૨૦૧- ગોવિંદ મુરજી પિંડોરીયા જન્મદિવસ નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - માધાપર

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ || || શ્રી નરનારાયણાય નમઃ ||

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજિત

## સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ

# જ્ઞાનયજ્ઞ

## નારાયણ યજ્ઞ મહોત્સવનું આયોજન




- **પોથીયાત્રા :** સં. ૨૦૮૩, ફાગણ વદ-૩૦ (અમાસ), મંગળવાર, તા. ૦૬-૦૪-૨૦૨૭
- **કથા પ્રારંભ :** સં. ૨૦૮૩, ચૈત્ર સુદ-૧, બુધવાર, તા. ૦૭-૦૪-૨૦૨૭
- **કથા સમાપ્તિ :** સં. ૨૦૮૩, ચૈત્ર સુદ-૭, મંગળવાર, તા. ૧૩-૦૪-૨૦૨૭
- **નારાયણ યજ્ઞ :** સં. ૨૦૮૩, ચૈત્ર સુદ-૮, બુધવાર, તા. ૧૪-૦૪-૨૦૨૭

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની આજ્ઞાથી આગામી **તા. ૦૭-૦૪-૨૦૨૭ થી તા. ૧૩-૦૪-૨૦૨૭** સુધી **સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ** નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી-હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિરઃશાંતિ માટે, પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

### એક પોથીના રૂ. ૩૧,૦૦૦/-

- પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે.
- ૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છાપાશે.
- નારાયણયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.
- ૧ પોથી યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે ૧૦-૧૦ પાસ આપવામાં આવશે.
- સંહિતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહીં હોય તેમાં પવિત્ર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે.
- જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો નાનો ફોટો (૮×૧૨ સાઈઝ) તથા સુખદનો હાર લાવી શકાશે.
- સાથે ડીશ, કલશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.

### કથા સ્થળ

**શ્રી સ્વામિનારાયણ મંદિર**
**શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ ભુજ-કચ્છ.**

**ફોન નં. : ૭૫૬૭૬ ૦૮૦૦૦**



RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2024-2026
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2026/UPTO 31-12-2026





**શ્રીસ્વામિનારાયણ મંદિર રાપરમાં ૩૬ હિંડોળા સાથે ગોકુળધામ**
**તેમજ વૃંદાવનધામ દર્શનની ઝાંખી સાથે ભવ્ય પ્રદર્શનનું ઉદ્‌ઘાટન**







**શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ મેલબોર્ન ઓસ્ટ્રેલિયા ખાતે**
**મંદિરનો વાર્ષિક પાટોત્સવ તથા સ્વતંત્રતા દિવસની ઉજવણી**